ક્રમાંક:ધ/માધ્ય/અનદ-૧/૨૦૨૧/ ૯૯૫-૧૦૬૨

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડો.જે.એમ.ભવન,
ગું.રા.,ગાંધીનગર

તા.૧૨/૧/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
તમામ.

વિષય:- રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની આગામી ભરતી પ્રક્રિયા અન્વયે હાલ ફરજ બજાવતા વિદ્યાસહાયકો/ શિક્ષણ સહાયકો/શિક્ષકોને એન.ઓ.સી. આપવા બાબત.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૧૧ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૨/ બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૭/સીંગલફાઈલ-૬/ક તા.૨૨/૩/૨૦૧૭

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૧૧/૨/૧૧ અને તા.૧૫/૧૧/૧૯ના જાહેરનામાની જોગવાઈઓથી સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કર્મચારીઓની ભરતી અન્વયે ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિની રચના થયેલ છે. તદનુસાર સદર ભરતી પસંદગી સમિતિ દ્વારા સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કર્મચારીઓની ભરતી પ્રક્રિયા વખતોવખત હાથ ધરવામાં આવે છે.

જે અન્વયે સરકારી/બિનસરકારી અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા વિદ્યાસહાયકો/ શિક્ષણ સહાયકો/શિક્ષકોને ભરતી પ્રક્રિયામાં ઉમેદવારી નોંધાવવા અંગે શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત ઠરાવ-૨ થી જોગવાઈઓ નિશ્ચિત કરવામાં આવેલ છે. સદર ઠરાવની જોગવાઈઓનો સારાંશ નીચે મુજબ છે.

- વિદ્યાસહાયક/શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયામાં ૪૦% જેટલા ઉમેદવારો એવા પસંદ થાય છે કે જેઓ હાલ વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક/શિક્ષક તરીકે નોકરી કરે છે અને પોતાની પસંદગીનું સ્થળ મેળવવા માટે વારંવાર અથવા દરેક ભરતી પ્રસંગે ઉમેદવારી નોંધાવે છે અને પસંદગીનું સ્થળ ન મળતાં નોકરીમાં હાજર થતા નથી. જેથી નવા કે નીચા મેરીટવાળા ઉમેદવારોને તક મળતી નથી અને લાયકાત ધરાવતા ઉમેદવારોને રોજગારી આપવાનો અને વિદ્યાસહાયક/શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાઓ ભરવાનો સરકારનો હેતુ સિદ્ધ થતો નથી.
- ઉક્ત પરિસ્થિતિ નિવારવા તથા સંદર્ભદર્શિત ઠરાવ નં.૨ નો હેતુ સિદ્ધ થાય તે માટે વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક/શિક્ષક/મુખ્ય શિક્ષક હાલ પોતે જે સંવર્ગમાં છે તે માટે કે અન્ય જગ્યા માટે અરજી કરે ત્યારે તેઓએ નિમણૂંક સત્તાધિકારી એટલે કે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પાસેથી ઉમેદવારી નોંધાવવા માટે અરજી કરતા પહેલા એન.ઓ.સી. લેવાનું રહેશે અને જિલ્લા

શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ આવી અરજી મળ્યેથી દિન-૭ માં એન.ઓ.સી. આપવાનો કે તેને નકારવાનો નિર્ણય કારણ સહિત સંબંધિત શિક્ષકને લેખીતમાં જણાવવાનો રહેશે.

આમ વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક/શિક્ષક/મુખ્ય શિક્ષકને એન.ઓ.સી.આપવા અંગેનો નિર્ણય જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ પોતાની વિવેકબુધ્ધિથી લેવાનો રહે.

સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ દ્વારા અગાઉ હાથ ધરેલી ભરતી પ્રક્રિયામાં ધ્યાને આવેલ છે કે સરકારી/બિનસરકારી અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક/શિક્ષક/મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ ભરતી પ્રક્રિયામાં ઉમેદવારી માટે એન.ઓ.સી. મેળવી ઉમેદવારી નોંધાવે છે, અને ફાઈનલ મેરીટમાં સમાવેશ પામી જિલ્લા/શાળા ફાળવણી થયા બાદ ફળવાયેલ જિલ્લા/શાળામાં હાજર થતા નથી. જેના કારણે બેરોજગાર ઉમેદવારો રોજગારીથી વંચિત રહે છે અને શાળાઓમાં શિક્ષકોની જગ્યા ખાલી રહેવાના કારણે બાળકોના શૈક્ષણિક કાર્ય પર માઠી અસર ઊભી થાય છે.

ઉપરોક્ત વિગતે ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ દ્વારા ટૂંક સમયમાં રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી પ્રક્રિયાની જાહેરાત આપવામાં આવનાર છે. સદર ભરતી પ્રક્રિયામાં ઉમેદવારી નોંધાવવા માટે શિક્ષણ વિભાગના સંદર્ભ દર્શિત ઠરાવ-૨ થી થયેલ જોગવાઈ અન્વયે હાલ નોકરીમાં કાર્યરત હોય તેવા વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક/શિક્ષક/મુખ્ય શિક્ષક એન.ઓ.સી. મેળવવા અરજી કરે ત્યારે આવા કર્મચારીઓ ખરેખર ભરતી પ્રક્રિયામાં ભાગ લઈ તેઓને મેરીટ કમ પ્રેફરન્સના આધારે ફળવાયેલ કોઈપણ જિલ્લા/શાળામાં હાજર થઈ ફરજ બજાવવા સહમત છે કે કેમ? તેની સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા ચકાસણી કર્યા બાદ એન.ઓ.સી. આપવામાં આવે તે વધુ ઇચ્છનીય છે. તેવું ભરતી સમિતિનું મંતવ્ય છે. જે ધ્યાને લેવા વિનંતી.

(એચ.એન.ચાવડા)
સભ્યસચિવ અને સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા.,ગાંધીનગર